ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA)

**નં. પરીક્ષા/૪-અ/૨૫૯૯૨/૨૦૧૬** **તા. ૯-૧૧-૨૦૧૬**

**પરિપત્ર : ૨૧૩**

પ્રતિ,

એમ.એ./એમ.કૉમ./એમ.એસસી./એમ.એડ્. ભવનો/કોલેજના અધ્યક્ષશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ.

**વિષય :** એમ.એ./એમ.કૉમ./એમ.એસસી./એમ.એડ્. પદવીનાં પરિણામમાં અપગ્રેડેશન કરવા બાબત.

**શ્રીમાન,**

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે વિદ્યાર્થીઓની રજુઆતના આધારે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી માન. કુલપતિશ્રીના આદેશાનુસાર એમ.એ./એમ.કૉમ./એમ.એસસી./એમ.એડ્.ની પદવીનાં પરિણામમાં વિદ્યાર્થીને જો અપગ્રેડેશન કરવું હોય તેમાં ગુજરાત યુનિવર્સિટીના ડીનશ્રીઓ દ્વારા ભલામણ કરેલ નીચેની શરતો અનુસરી/પૂર્ણ કરી અપગ્રેડેશન કરી શકાશે.

(૧) અપગ્રેડેશન ફક્ત અનુસ્નાતક કક્ષાએ એમ.એ./એમ.કૉમ./એમ.એસસી./એમ.એડ્. વિદ્યાશાખાને જ લાગુ પડશે.

(૨) વિદ્યાર્થીએ દર્શાવેલ વિદ્યાશાખાના બધા સેમેસ્ટર પાસ કરેલ હોવા જોઈએ.

(૩) જે વિદ્યાશાખામાં રીવાઈઝડ અભ્યાસક્રમ આવેલ હોય તે વર્ષ તથા ત્યાર પછીના વિદ્યાર્થીનો સમાવેશ થઈ શકશે,

(૪) અપગ્રેડેશન નવી CBCS ની સેમેસ્ટર સીસ્ટમમાં અભ્યાસ કરી ગયેલ વિદ્યાર્થીઓને જ લાગુ પડશે, જુની પદ્ધતિની (વાર્ષિક પરીક્ષા)ને લાગું પડશે નહીં.

(૫) વિદ્યાર્થી સેમેસ્ટર ૧, ૨, ૩, ૪માંથી કોઈપણ એક સેમેસ્ટરની વિદ્યાથી ઈચ્છે તે કોઈપણ એક સેમેસ્ટરની ફરી પરીક્ષા આપી શકશે.

જે સેમેસ્ટરની ફરી પરીક્ષા આપવા ઈચ્છે તે સેમેસ્ટરનું (માર્કશીટ) પરીણામ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે અને તે સેમેસ્ટરનું પરીણામ યુનિવર્સિટી રેકોર્ડમાંથી Null (Nil) ગણાશે.

(૬) પદવીના પરીણામમાં અપગ્રેડેશન કરવા માટે જે વિદ્યાશાખાનું સેમેસ્ટરનું પરીણામની ફરી પરીક્ષા આપવા ઈચ્છે તે સેમેસ્ટરના બધા જ વિષયોની પરીક્ષા (ચાલુ અભ્યાસક્રમ મુજબ) આપવાની રહેશે જે માટે વિદ્યાર્થીની અંગત જવાબદારી રહેશે.

(૭) જે સેમેસ્ટરની ફરી પરીક્ષા અપવાનું વિદ્યાર્થી ઈચ્છે તેનું આવેલ પરીણામ રદ કરવા તથા ફરી પરીક્ષા આપે આવનાર પરીણામ વિદ્યાર્થીને બંધન કર્તા રહેશે તે બાબતનું રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પમાં એફીડેવીટ આપવાનું રહેશે.

(૮) એક વાર અપગ્રેડેશનનો લાભ લીધા બાદ ફરી (બીજી વખત) આ લાભ મળવા પાત્ર નથી.

sd-
કુલસચિવ

D:\MIX\Paripatra.pmd

Scanned by CamScanner